# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

બહુમાળી ભવન, એ વિંગ, રૂમ નં.૧૦૭ થી ૧૧૧, અમરેલી

ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૯૩૬

E-Mail : amrelideo@gmail.com

Website : https://deoamreli.com


Azadi Ka Amrit Mahotsav

સત્યમેવ જયતે

ક્રમાંકઃમાધ્ય/મ-૨/અમર્યાદિત/ઈન્ટરનેટ/ગ્રાન્ટ/૨૦૨૧-૨૨ /૧૦૭૧-૮૨ તા. ૦૨-૦૩-૨૦૨૨

**વંચાણે લીધાઃ-**

1. કમિશ્નરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરના કચેરી આદેશ ક્રમાંકઃઆઈ.ટી./Internet/NT/2021/૧030-૧૦૫૧, તા. ૨૬-૧૦-૨૦૨૧
2. અત્રેની કચેરીના તા. ૦૩-૦૧-૨૦૨૨ના પત્ર ક્રમાંકઃમાધ્ય/અમર્યાદિત/ઈન્ટરનેટ/ગ્રાન્ટ/૨૦૨૧-૨૨/૨૮-૩૧
3. અત્રેની કચેરીની તા. ૨૮-૦૨-૨૦૨૨ની નોધ

**કાર્યાલય આદેશઃ-**

વંચાણે લીધા -૧ થી આ જિલ્લાની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને અમર્યાદિત ઈન્ટરનેટ કનેકશનની સુવિધા પુરી પાડવા માટે શાળા દિઠ માસિક રૂ. ૫૦૦/- લેખે ટેક્ષ સહિતની માહે નવેમ્બર-૨૦૨૧ થી માર્ચ ૨૦૨૨ સુધીની ગ્રાન્ટ રૂ. ૩,૨૮,૦૦૦/- અંકે રૂપિયા ત્રણ લાખ અઠ્યાવીસ હજાર પુરાની ફાળવણી થઈ આવેલ છે.

વંચાણે લીધા-૨ થી રૂ. ૮૩૬૫૫/- (અંકે રૂપિયા ત્યાશી હજાર છસો પંચાવન પુરા) શાળાઓને ફાળવણી કરવામાં આવેલ છે તથા બચત રૂ. ૨,૪૪,૩૪૫/- બે લાખ ચુમાલીસ હજાર ત્રણસો પીસ્તાલીસ પુરા રહેલ છે.

વંચાણે લીધા – ૩ થી બચત રહેલ રકમમાંથી નીચેની શરતોને આધિન સામેલ પત્રકની ૮ શાળાઓને કોલમ નં. ૪ મુજબની રકમ રૂ. ૧૫,૬૧૮/- (અંકે રૂપિયા પંદર હજાર છસો અઢાર પુરા) શાળાઓને ફાળવવાનો આથી આદેશ કરવામાં આવે છે.

આ જિલ્લાની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ અમર્યાદિત ઈન્ટરનેટ કનેકશનની સુવિધા લેવા માટે નીચે દર્શાવેલ બાબતો/શરતો/ધ્યાને લેવાના રહેશે.

1) આ યોજના અંતર્ગત શાળાઓમાં અમર્યાદિત ઈન્ટરનેટ કનેક્શન ઇન્સ્ટોલ કરવા સહીત શાળા દીઠ માસિક મહત્તમ રૂ.૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા) લેખે ટેક્ષ સહીત એટલે કે વાર્ષિક રૂ.૬૦૦૦/- (અંકે રૂપિયા છ હજાર પુરા) ચુકવી શકાશે
2) શાળા જે વિસ્તારમાં હોય તે વિસ્તારમાં જે ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડરની સૌથી સારી હોય તેની પાસેથી મહત્તમ ખર્ચની મર્યાદામાં શાળાએ ઈન્ટરનેટ પ્લાન લેવાનો રહેશે.
3) આ યોજના અંતર્ગત માસિક મહત્તમ રૂ.૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા) મા ઇન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર દ્વારા શાળા સુધી ઈન્ટરનેટ કનેક્શન પહોચાડવાનો ખર્ચ, રાઉટરનો ખર્ચ તેમજ તેને કાર્યાન્વિત કરવા તેમજ GST સહિતનો ખર્ચ સામેલ છે.
4) શાળાઓમાં ઈન્ટરનેટ સુવિધા પુરી પડવાની પ્રક્રિયા સરકારશ્રીના વખતો વખતના ઠરાવો/પરિપત્રો ધ્યાને લઇ કરવાની રહેશે.

5) શાળાઓ દ્વારા કોઈ ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર પાસેથી ઈન્ટરનેટની સર્વિસ લીધા બાદ જો તેઓને ઈન્ટરનેટની સર્વિસ બાબતે ફરિયાદ હોય તો ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર બદલવા અંગેનો નિર્ણય લઈ શકશે તેમજ ઈન્ટરનેટ કનેકશન સંદર્ભ થતી તમામ સમસ્યાનું નિરાકરણ શાળા દ્વારા કરવાનું રહેશે.

6) શાળાઓ દ્વારા ઈન્ટરનેટ કનેક્ટીવીટી અંગેની લોગ બુક શાળામાં નીભાવવાની રહેશે જેમાં શાળામાં જે દિવસે ઈન્ટરનેટ કનેક્ટીવીટી ખોરવાઈ તે તારીખની નોંધણી તેમજ કમ્પ્લેઇન નંબર સહિતની નોંધ કરવાની રહેશે.

7) સદર બાબતનો ખર્ચ ઓડિટને આધીન રહેશે.

8) શાળાઓ દ્વારા શક્ય એટલા વધુ સર્વિસ પ્રોવાઈડર પાસેથી ભાવપત્રક મેળવ્યા બાદ સર્વિસને ધ્યાને લઇ Technical અભ્યાસ કરી જે તે સર્વિસ પ્રોવાઈડરની સેવાઓ લઈ શકશે.

9) શાળામાં અમર્યાદિત ઈન્ટરનેટ સુવિધા શાળાના શૈક્ષણિક અને વહીવટી કાર્યો માટે પુરૂ પાડવામાં આવેલ છે. સદર કનેક્શનનો ઉપયોગ વ્યવસાયિક કે ન્ય ખાનગી સંસ્થાના કે વ્યક્તિગત ઉપયોગ માટે ન થાય તેની તકેદારી જે-તે શાળાના આચાર્યશ્રીએ રાખવાની રહેશે અને આવી કોઈ બાબત ધ્યાને આવશે તો તે શાળા વિરૂધ્ધ શિક્ષાત્મક પગલા લેવામાં આવશે.

10) આ યોજના માટે ત્રિમાસિક ગ્રાન્ટ ફાળવવામાં આવશે અને તેના ખર્ચની વિગતો આ કચેરીને વખતો વખત મોકલી આપવાની રહેશે.

11) આ યોજનામ હેઠળ ફાળવેલ ગ્રાન્ટનો ઉપયોગ જે-તે નાણાકીય વર્ષમાં કરવાનો રહેશે અને યોજના સિવાય અન્ય હેતુ માટે કરી શકશે નહી.

12) આ યોજના હેઠળ વણવપરાયેલ ગ્રાન્ટ નાણાકીય વર્ષાન્તે સરન્ડર કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ નીચેના બજેટ હેડે પાડવાનો રહેશે.
બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ ઈડીએન-૧૮
માંગણી નં ૯ (આયોજન) બિન આદિજાતિ વિસ્તાર.
મુખ્ય સદર-૨૨૦૨ સામાન્ય શિક્ષણ, પેટા સદર-૦૨ માધ્યમિક શિક્ષણ, ગૌણ સદર-૧૧૦ બિન સરકારી માધ્યમિક શાળાઓ, પેટા સદર-૦૧ ઈડીએન-૧૮, બિન સરકારી અનુદાનિત શાળાઓનો વિનિયમિત વિકાસ.

(કચેરી-જિલ્લો અમરેલી)

જિલ્લા શિક્ષણાધિકારી
DISTRICT EDUCATION OFFICER
અમરેલી

નકલ રવાના

1. આચાર્યશ્રી, સંબંધિત શાળા......................
2. જિલ્લા તિજોરી અધિકારીશ્રી – અમરેલી. (બીલ મારફત)
3. એકાઉન્ટન્ટ જનરલશ્રી, એ.જી. કચેરી – રાજકોટ (બીલ મારફત)
4. હિસાબી શાખા, સદર કચેરી (બીલ બનાવવા સારૂ)

તા. ૦૨-૦૩-૨૦૨૨ના આદેશ ક્રમાંક:માધ્ય/મ-૨/અમર્યાદિત/ઈન્ટરનેટ/ગ્રાન્ટ/૨૦૨૧-૨૨/1379-82
નું પત્રક

## જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી - અમરેલી

| ક્રમ | શાળાનું નામ | તાલુકો | ફાળવવાની થતી રકમ |
|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 |
| 1 | કમાણી ફોરવર્ડ હાઈ. અમરેલી | અમરેલી | 2000 |
| 2 | ચિતલ હાઈ. ચિતલ | અમરેલી | 1500 |
| 3 | જનતા કન્યા વિદ્યાલય બગસરા | બગસરા | 2088 |
| 4 | એસ.વી. દોશી હાઈ. સાવરકુંડલા | સાવરકુંડલા | 2500 |
| 5 | ન.હ. સંઘવી કન્યા વિદ્યાલય લાઠી | લાઠી | 2000 |
| 6 | એડ.એમ. અજમેરા ગર્લ્સ હાઈ. દામનગર | લાઠી | 2500 |
| 7 | પટેલ એન.કે. વસાણી વિદ્યાલય જંગર | કુંકાવાવ | 2500 |
| 8 | માધ્યમિક શાળા કોટડાપીઠા | બાબરા | 530 |
| કુલ | | | 15618 |

અંકે રૂપિયા પંદર હજાર છસો અઢાર પુરા-

DISTRICT EDUCATION OFFICER
AMRELI